તારીખ : ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે લેવાયેલ જુનિયર ક્લાર્ક વર્ગ-૩ની લેખિત પરીક્ષા ભાગ-૨ની પ્રોવિઝનલ આન્સર કી વેબ સાઈટ પર મુકેલ છે. પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારો તરફથી સૂચન / રજૂઆત હોય તો તારીખ : ૦૫/૦૨/૨૦૨૬ સાંજના ૬-00 વાગ્યા સુધી જ અહી આપેલા નમૂનાની પ્રિન્ટ કાઢી તેમાં બરાબર યોગ્ય રીતે તમામ વિગત ભરી તેની PDF ફાઇલ કોલેજના ઈ-મેઈલ : **vrpccm@yahoo.co.in** ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે.

# સુચના

૧. ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે
૨. ઉમેદવારે પ્રશ્ન પ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિદ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમુનાનો જ ઉપયોગ કરવો.
3. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ  પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.
૪. ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.
૫. એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.
૬. માત્ર પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા-સૂચન રજૂ કરી શકશે.
૭. વાંધા-સૂચન તા: ૦૫/૦૨/૨૦૨૬ ના સાંજના ૬-00 વાગ્યા સુધી જ સ્વીકાર્ય ગણાશે, ત્યારબાદ કોઈપણ જાતની રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહીં.